# અંકલેશ્વર-ભરૂચમાં પેટ્રોલ પંપો પર કતાર

**વાહન** દીઠ માત્ર ૨ લીટર પેટ્રોલ આપવાનું શરૂ કરાયું

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર તાલુકા સહિત ભરૂચમાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે લોકોમાં અફરાતફરી જેવી સ્થિતિ સર્જાઈ હતી. સવારથી જ શહેર તથા તાલુકાના વિવિધ પેટ્રોલપંપો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ઇંધણ ખૂટવાની ભીતિ વચ્ચે વાહનચાલકો મોટી સંખ્યામાં પેટ્રોલ-ડીઝલ ભરાવવા ઊમટી પડ્યા હતા.

ગત સાંજથી જ અનેક પેટ્રોલપંપો પર લોકો કેરબા અને ડબ્બા લઈને ઇંધણ લેવા પહોંચતા ભારે ભીડ જોવા મળી હતી.


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

### સિંચાઈની સિઝનમાં જ ડીઝલની અછતથી ખેડૂતો મુશ્કેલીમાં

અંકલેશ્વર-હાંસોટ પંથકમાં ડાંગરનો પાક લેવાતો હોવાથી ખેતરોમાં પાણી પીવડાવવા ડીઝલ પંપ ચલાવવાની જરૂરિયાત ઊભી થઈ છે. પરંતુ પેટ્રોલપંપ સંચાલકોએ કેરબામાં ડીઝલ ન આપવાનો નિર્ણય લેતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે ખેતરો સુધી ટ્રેક્ટર અથવા મશીનો લઈ જવું શક્ય ન હોય ત્યારે સિંચાઈ કેવી રીતે કરવી? સ્થાનિક ખેડૂતોએ તાલુકા વહીવટી તંત્રને અપીલ કરી છે કે ખેડૂત હોવાના પુરાવા આધારે કેરબામાં ડીઝલ આપવા પેટ્રોલપંપોને સૂચના આપવામાં આવે.

કેટલાક પંપો પર તો રાત્રિથી જ લાઈનો લાગી ગઈ હોવાનુ સામે આવ્યું છે. ભરૂચ જિલ્લાના અનેક પેટ્રોલપંપો પર પેટ્રોલ અથવા ડીઝલ ઉપલબ્ધ નથી એવા પાટિયા લગાવવામાં આવ્યા હતા. જેના પગલે લોકોમાં ચિંતા અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. હાલ સિંચાઈની સિઝન ચાલતી હોવાથી ડીઝલની માંગમાં ભારે વધારો નોંધાયો છે. શહેરમાં વધતી માંગને ધ્યાનમાં રાખી કેટલાક પેટ્રોલપંપ સંચાલકોએ વાહન દીઠ માત્ર 2 લીટર પેટ્રોલ આપવાની વ્યવસ્થા શરૂ કરી છે, જેથી વધુમાં વધુ લોકોને ઇંધણ ઉપલબ્ધ થઈ શકે. છેલ્લા બે દિવસથી ડીઝલની અછતને કારણે ખેડૂતો તથા વાહનચાલકો બંને ચિંતામાં મુકાયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દક્ષિણ ગુજરાતનો લિસ્ટેડ બુટલેગર પ્રવીણ વાંસફોડિયા પાસા હેઠળ વડોદરા જેલમાં ધકેલાયો

પલસાણાઃ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસની દરખાસ્તના આધારે સુરત કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા લિસ્ટેડ બુટલેગર પ્રવીણ સોમાભાઈ વાંસફોડિયા વિરૂદ્ધ 'ધ ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટીસોશિયલ એક્ટિવિટીઝ એક્ટ-૧૯૮૫' (PASSA) હેઠળ વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. આ વોરંટના આધારે સુરત જિલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમોએ ચોક્કસ દિશામાં તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન પોલીસ ટીમને બાતમી મળી હતી કે આરોપી વલસાડ જિલ્લામાં છુપાયેલો છે. બાતમીના આધારે પોલીસે વલસાડ જિલ્લાની પાતલીયા ચેકપોસ્ટ પરથી પ્રવીણ વાંસફોડિયાને ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને આરોપીને પાસા હેઠળ વડોદરાની મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

### રાજપીપળામાં BSNLના જુનિયર એન્જિનિયર પર હુમલો થતાં ફરિયાદ

રાજપીપળાઃ રાજપીપળામાં BSNLની સબ ડિવિઝન ઓફિસમાં ફરજ બજાવતા જુનિયર એન્જિનિયર વિવેકકુમાર ચરણસિંહ જયંત પર હુમલો કરાયો હતો. તાજેતરમાં ૧૧ મે, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨થી ૧ વાગ્યાના અરસામાં અલ્પેશભાઈ અરવિંદભાઈ પાદરીયાએ ઓફિસમાં ઘૂસી હંગામો મચાવ્યો હતો. હુમલાખોર, જે ખાનગી કંપનીનું ઇન્ટરનેટ ચલાવે છે, તેણે 'મારું નેટ કેમ બંધ કરી દીધું?' તેમ કહી જાતિસૂચક અપશબ્દો બોલી એન્જિનિયર સાથે બોલાચાલી કરી હતી. ઉશ્કેરાયેલા અલ્પેશભાઈએ ટેબલ પર પડેલો સિરામિકનો ગ્લાસ વિવેકકુમારના માથામાં માર્યો હતો. ઝપાઝપી દરમિયાન ગ્લાસનો તૂટેલો ટુકડો વાગતાં એન્જિનિયરને પગમાં પણ ઇજા પહોંચી હતી. આ મામલે રાજપીપળા પોલીસ મથકે અલ્પેશ પાદરીયા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સરકારી કર્મચારી પર ચાલુ ફરજ દરમિયાન થયેલા આ હુમલાથી પંથકમાં ચકચાર મચી ગઈ છે.

### કડોદરામાં 'સાહિલ ક્યાં છે? પૂછી જૂની અદાવતમાં યુવક પર હુમલો

પલસાણાઃ કકડોદરાની ભાસ્કર મિલમાં ઇનચાર્જ તરીકે નોકરી કરતા ૨૮ વર્ષીય રાઘવેન્દ્ર કોમલસિંઘ રાજપૂત પર ગઈકાલે બપોરે આશરે ૧:30 વાગ્યે હુમલો થયો હતો. આરોપી પૈકીના એક ડબ્બુ રાજપૂતે રાઘવેન્દ્રને તેના રૂમ પરથી કામ હોવાનું કહી નીચે બોલાવ્યો હતો અને મનવ રેસિડેન્સી સામે આવેલા ખુલ્લા કંપાઉન્ડમાં લઈ ગયો હતો. ત્યાં અગાઉથી જ નિતેષ ચૌબે, સુધીર ઉર્ફે બોસ અને સલ્લુ હાજર હતા. આરોપીઓએ રાઘવેન્દ્રને 'સાહિલ ક્યાં છે?' તેમ પૂછતા, રાઘવેન્દ્રએ તેના વિશે કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું. આ સાંભળતા જ શખ્સોએ લાકડાના ફટકા વડે રાઘવેન્દ્રને બેફામ માર માર્યો હતો, જ્યારે ડબ્બુએ ચપ્પુ વડે હુમલો કર્યો હતો. હુમલા બાદ આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. લોહીલુહાણ હાલતમાં યુવકને સારવાર માટે દાખલ કરાયો હતો. યુવકના જમણા હાથ અને જમણા પગમાં ફ્રેક્ચર થયું છે, તેમજ ચપ્પુ વાગવાના કારણે ટાંકા આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, ૧૩ મેના રોજ સાહિલ અને નિતેષ ચૌબે વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો, જેની અદાવતમાં આ હુમલો કરાયો હતો. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં ઘન પારાયણ મહોત્સવ ઉજવાશે

ભરૂચઃ ભરૂચમાં અધિક માસના પાવન અવસરે સનાતન સંસ્કૃતિના ઉત્કર્ષ અને રાષ્ટ્રના કલ્યાણ માટે ઐતિહાસિક ઘન પારાયણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શેઠ ગોકળભાઈ વિજલાલ ટ્રસ્ટ, મકતમપુર સ્થિત શ્રી સિદ્ધિ વિનાયક મંદિર તેમજ ગુજરાત વેદ પ્રચાર-પ્રસાર સમિતિ ભરૂચ દ્વારા 17 મેથી 7 જૂન સુધી યોજાનાર આ ભવ્ય કાર્યક્રમમાં તા.25મી મે સોમવારના રોજ બપોરે 3 કલાકે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનાં કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ રહેશે. ભરૂચના ઇતિહાસમાં પ્રથમવાર અધિક માસમાં શુક્લયુજર્વેદ માધ્યન્દિન શાખાના ઘન પારાયણ કાર્યક્રમનું આયોજન થયું છે. ગુજરાત વેદ પ્રચાર-પ્રસાર સમિતિના પ્રમુખ ખુમાનસિંહ વાંસિયા અને મંદિરના ટ્રસ્ટી મંડળ દ્વારા આમંત્રણ પાઠવાયું છે. શ્રી સિદ્ધિ વિનાયક મંદિર, મકતમપુર, ભરૂચ ખાતે ઘન પારાયણનો પ્રારંભ 17 મે રવિવારનાં રોજ થશે. જ્યારે સમાપનઃ 7મી જૂને થશે. આ પારાયણમાં સવારે 8:30 થી 12:00 કલાક (દરરોજ) થશે. પારાયણ કર્તા વેદમૂર્તિ કરણ રાવલ, કિરણ પાઠક, દેવવ્રત રેખે, વિપુલ શર્મા, સોમેશ જોશી, નિરજ ઝા, ઋષભ શર્મા, દિવ્યેશભાઈ જોશી વિદ્યાવાન વેદમૂર્તિઓ ભરૂચના આંગણે આ દિવ્ય અવસરનો લ્હાવો આપનાર છે.

### નર્મદા મહાઆરતીના સમયમાં ફેરફાર

રાજપીપળાઃ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રતિદિન સાંજના પ્રોજેક્શન મેપિંગ (લેસર શો) દર્શાવવામાં આવે છે. હાલમાં ઉનાળાની ઋતુની શરૂઆતને કારણે દિવસ ક્રમશઃ લાંબો થતો જાય છે, જેના કારણે સાંજના 7:30 કલાકે ઘણું અજવાળું હોવાથી પ્રોજેક્શન મેપિંગ (લેસર શો) પ્રવાસીઓ વધુ સારી રીતે નિહાળી શકતા નથી. જેથી આ શોનો સમય સાંજે 7:45 કલાકનો રાખવા તેમજ નર્મદા આરતીનો સમય સાંજે 7:00 કલાકનો રાખવો યોગ્ય જણાયેલ છે. જેની સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા તમામ પ્રવાસીઓએ ખાસ નોંધ લેવી.

### બારડોલીમાં જલારામ મંદિર ખાતે દર ગુરુવારે મહાપ્રસાદીનો પ્રારંભ

બારડોલીઃ બારડોલીના ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ દ્વારા સેવા અને ભક્તિનો એક ઉત્તમ પ્રવાહ શરૂ કરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા આગામી ૧૪મી મેથી દર ગુરુવારે ભવ્ય મહાપ્રસાદી (ભંડારો) નું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે હવેથી પ્રત્યેક ગુરુવારે નિયમિતપણે યોજાશે. મંદિરના પૂજારી જીતુભાઈ નાયકે આ અંગે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, તમામ ભાવિક ભક્તો માટે આ મહાપ્રસાદીનું આયોજન જલારામ મંદિર હોલ, બારડોલી ખાતે કરવામાં આવ્યું છે. આ ભંડારાનો સમય દર ગુરુવારે સાંજે ૬:૩૦થી રાત્રે ૮ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. આ સાથે જ વ્યવસ્થાના ભાગરૂપે પ્રશાસન દ્વારા જણાવવામાં આવ્યું છે કે મહાપ્રસાદ સ્થળ પર જ ગ્રહણ કરવાનો રહેશે, ટિફિન લઈ જવા માટે ક્ષમા અપીલ કરવામાં આવી છે. આ દિવ્ય શરૂઆતથી સ્થાનિક જલારામ ભક્તોમાં ભારે ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી રહી છે.

## બગુમરામાં લગ્નપ્રસંગમાં યુવક પર ચપ્પુથી હુમલો

**'તું કેમ** અહીં આવ્યો છે?' કહી હુમલો કરી ત્રણેય ફરાર

પલસાણાઃ પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બગુમરા ગામે ડ્રીમવીલા સોસાયટીના એન્ટ્રી ગેટ પાસે એક રિક્ષાચાલક યુવકને ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયાર તેમજ ઢીકામુક્કી વડે ગંભીર માર મારવામાં આવ્યો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના લોનખડી ગામના વતની અને હાલ પલસાણાના બગુમરા ગામની સુવર્ણ રેસિડેન્સીમાં રહેતા ૨૮ વર્ષીય કરણ નાના સોનવણે ઓટોરિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. ગત ૧૪ મે ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સાડા બારેક વાગ્યે બગુમરાની ડ્રીમવીલા સોસાયટીમાં તેમના પરિચિત નિલેશના કુટુંબમાં લગ્નપ્રસંગ હોવાથી કરણ ત્યાં ગયા હતા. આ લગ્નપ્રસંગમાં હાજર આરોપી નિલેશ સંભાજી ખેરનારે ફરિયાદી કરણને જોઈને ઉશ્કેરાઈ જઈ 'તુ કેમ અહિયાં આવ્યો છે?' તેમ કહી ગંદી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. કરણે ગાળો બોલવાની ના પાડતા જ મામલો બિચક્યો હતો. વાદવિવાદ વધતા જ નિલેશની સાથે હાજર તેના મિત્રો નીલકંઠ ઉર્ફે દાદુ કોળી અને અક્ષય ઉર્ફે માયા નામના શખ્સોએ કરણને આડેધડ ઢીકામુક્કીનો માર મારવાનું શરૂ કરી દીધું હતું. નીલકંઠ ઉર્ફે દાદુએ પોતાની પાસે રાખેલું ચપ્પુ જેવું તીક્ષ્ણ હથિયાર કાઢી કરણના માથાના પાછળના ભાગે જોરથી ઝીંકી દીધું હતું. હુમલાના કારણે કરણને માથા તેમજ જમણા કાનની પાછળ ગંભીર ઇજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં તે ત્યાં જ ઢળી પડ્યો હતો. ઘટનાને અંજામ આપી ત્રણેય આરોપીઓ નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત કરણને તેના મિત્રો ક્રિષ્ના હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ગંભીર ઇજાના કારણે કરણને માથાના ભાગે પાંચ ટાંકા અને કાનના પાછળના ભાગે બે ટાંકા લેવા પડ્યા હતા. કરણ સોનવણેએ પલસાણા પોલીસ સમક્ષ આપવીતી જણાવતા પોલીસે કાયદેસરની ફરિયાદ નોંધી છે. પલસાણા પોલીસે નિલેશ સંભાજી ખેરનાર (રહે., ડ્રીમવીલા સોસાયટી, બગુમરા), નીલકંઠ ઉર્ફે દાદુ કોળી (રહે., ડ્રીમવીલા સોસાયટી, બગુમરા) અને અક્ષય ઉર્ફે માયા (પુરા સરનામાની વિગત અજ્ઞાત) વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઓલપાડમાં બાંધકામ સાઈટની પાલખી પરથી પટકાતાં શ્રમિકનું મોત

સાયણઃ મૂળ દાહોદના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામનો શ્રમિક ઈલેશ રૂપાભાઈ મકવાણા (ઉં.વ.૩૦) હાલમાં સુરત શહેરમાં ઉગત કેનાલ રોડ પાસે આવેલ ઝુંપડપટ્ટીમાં રહી કડિયા કામ કરતો હતો. ઓલપાડ ટાઉનની સિધ્ધનાથ નગર સોસાયટીમાં બાંધકામની સાઈટ ઉપર પાલખી ઉપર ઊભા રહી પ્લાસ્ટર કામ કરી રહ્યો હતો. તે વખતે અચાનક તેનો પગ પાલખી પરથી લપસી પડતા તે જમીન ઉપર પટકાયો હતો. જેથી તેને માથાને ભાગે ગંભીર ઈજા થવાથી ઓલપાડ ખાતેના સી.એચ. સી.માં પ્રાથમિક સારવાર અપાયા બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. ગત તા.૧૩ના રોજ મોડી રાત્રે ફરજ પરના ડોકટરે તપાસી મૃત જાહેર કર્યો હતો. ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## નબીપુર પાસે હાઈવા ટ્રકમાં આગ લાગી, જાનહાનિ ટળી



ભરૂચઃ ભરૂચ જિલ્લાના નબીપુર નજીક નેશનલ હાઈવે નંબર 48 પર મોડી રાત્રે એક હાઈવા ટ્રકમાં અચાનક ભીષણ આગ લાગી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાના કારણોની તપાસ કરી રહી છે. ટ્રકમાં સવાર ડ્રાઈવરે કોઈ ટેકનિકલ ખામીને કારણે આગ લાગવાની શક્યતા વ્યક્ત કરી છે. ઘટનાને લઈ હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો.

## નિઝર એકતાનગરમાં યુવતીએ ફાંસો ખાધો

કુકરમુંડાઃ નિઝરના એકતાનગરમાં રહેતાં દિવ્યાબેન અનિલભાઈ નાઈક (ઉં.વ.૧૯) તા.14/5/2026ના રોજ ફળિયામાં ચાલી રહેલાં લગ્નપ્રસંગ દરમિયાન પોતાના ઘરે એકલી હાજર હતી. ઘરના કામકાજ બાબતે માતાએ તેણીને સમજાવ્યું હતું કે લગ્નપ્રસંગ હોવાથી ઘરનું કામ બરાબર પૂર્ણ કરી ઘરે જ હાજર રહેવું. આ વાત તેણીને મનમાં લાગી આવતાં તે ઘરમાં જતી રહી હતી. બાદ પરિવારજનો લગ્નપ્રસંગમાં વ્યસ્ત હતા, ત્યારે દિવ્યાબેને ઘરની અંદર લોખંડની એંગલ સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં લગ્નપ્રસંગનો માહોલ ગમગીનીમાં ફેરવાઈ ગયો હતો અને પરિવારજનો સહિત આસપાસના લોકોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. નિઝર પોલીસે અક્સ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજ ઘરફોડ ચોરીના ગુનામાં ૬ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસની લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી એક ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા છ વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી લીધો છે. આ ગુનાનો વોન્ટેડ આરોપી કામરેજ ચાર રસ્તા પાસે આવેલી એક ચાની દુકાન પર ઊભો હોવાની માહિતી મળતા પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપીની ઓળખ જીગરભાઇ કવરભાઇ લુહાર (ઉં.વ.૨૭, રહે., કડોદરા, પલસાણા, મૂળ રહે., કરજણ, વડોદરા) તરીકે થઈ છે. આરોપી સામે વર્ષ ૨૦૨૦માં કામરેજ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વાલોડમાં પરિવાર સંબંધીને ત્યાં ગયો ને તસ્કરો ઘર સાફ કરી ગયા

વાલોડઃ વાલોડના કહેર ગામે સરદાર ફળિયામાં રહેતા પરેશભાઈ જેઠિયાભાઈ ચૌધરી અને તેમનો પરિવાર સંબંધીને ત્યાં ઘરના વાસ્તુનો પ્રસંગ હોવાથી તેઓ સવારે 10 વાગ્યાની આસપાસ ઘર બંધ કરી ગયા હતા. અને બપોરના 2 વાગ્યાની આસપાસ ઘરે આવી જોતાં ઘરના મુખ્ય દરવાજાનો નકૂચો તૂટેલી હાલતમાં હતો. જેથી તેમણે ઘરમાં જઇ તપાસ કરતાં ઘરમાં કબાટ મૂકેલો સામાન તેમજ અન્ય વસ્તુ વેરવિખેર હાલતમાં હોવાથી તેમને ઘરમાં ચોરી થયાનું માલૂમ પડ્યું હતું. જેથી અજાણ્યા તસ્કરોએ આ બંધ ઘરને નિશાન બનાવી ધોળા દિવસે ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. અને ઘરમાંથી સોનાની બુટ્ટી તેમજ ચાંદીના સાંકળા તેમજ સોનાના ત્રણ પેન્ડલ તેમજ રોકડા રૂપિયા મળી કુલ રૂ.87 હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

### કુકરમુંડામાં રેતી ભરેલી ટ્રકની ટક્કરે બાઈક સવારનું મોત



કુકરમુંડાઃ કુકરમુંડાના જૂના ગોરાસા ગામ રોડ ઉપર રેતી ભરેલા ટાટા ટ્રકે સ્પ્લેન્ડર બાઈકને ટક્કર મારતાં બાઈક સવારનું મોત નીપજ્યું હતું. તા.15/5/2026ના રોજ બપોરના સમયે જૂના ગોરાસા ગામ રોડ ઉપર ટાટા ટ્રક નં.(NL-06-AA-2121)નો ચાલક બિન્દાસભાઈ ખાનસીંગભાઈ વસાવા (રહે.,ઘાણાવાડ, તા.ઉમરપાડા) રેતી ભરી બેદરકારીપૂર્વક ટ્રક હંકારી રહ્યો હતો. દરમિયાન સામેથી આવી રહેલી સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં.(GJ-26-AC-5228) સાથે જોરદાર અથડામણ થઈ હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક રામકૃષ્ણભાઈ પ્રતાપભાઈ વળવી (ઉં.વ.45) (રહે.,પાટી, તા.કુકરમુંડા) ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકનું પાછળનું ટાયર તેમના શરીર પરથી ફરી વળતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

### ભરૂચના નવેઠામાં કાર GFL બસ નીચે ઘૂસી જતાં ચાલક ગંભીર



ભરૂચઃ ભરૂચના નવેઠા ગામ નજીક બપોરના સમયે એક માર્ગ અકસ્માતમાં કાર ચાલક ગંભીર રીતે ઘાયલ થયો છે. કાર ચાલકે પોતાની કાર GFL કંપનીની બસ નીચે ઘુસાડી દેતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે કારનો આગળનો ભાગ બસમાં ઘૂસી ગયો હતો. આ ઘટના બાદ અફરાતફરી મચી ગઈ હતી. ત્યાંથી પસાર થતા લોકો અને બસમાં સવાર કામદારોએ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. જો કે, કારમાં ફસાયેલા ચાલકને બહાર કાઢવા માટે જેસીબી મશીનની મદદ લેવી પડી હતી. ઈજાગ્રસ્ત કાર ચાલકને શરીરના વિવિધ ભાગે ઈજા પહોંચી હતી. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

### ઓલપાડના સરસમાં શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરે બે ભવ્ય દ્વારનું ખાતમુહૂર્ત



સાયણઃ ઓલપાડ તાલુકાના ઐતિહાસિક શ્રી સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતે બે ભવ્ય ગેટના નિર્માણ માટે ખાતમુહૂર્ત વિધિ યોજાઈ હતી. સુરત ડિસ્ટ્રિક્ટ પ્રિન્સિપાલ જજ રાહુલભાઈ ત્રિવેદીના હસ્તે પૂજન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. જેસલમેરના યલો પથ્થરોથી નિર્મિત થનારા આ પ્રવેશદ્વાર અને એક્ઝિટ ગેટ પર શિવ પરિવાર બિરાજમાન થશે. આ પ્રસંગે પ્રિન્સિપાલ જજે ભક્તોને યથાશક્તિ યોગદાન આપવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ઓલપાડ કોર્ટના જજ એન.ડી.શર્મા, દીપ્તીબેન પંડ્યા, વકીલ મંડળના સભ્યો અને ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૯/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૫/૦૫/૨૦૨૬

વાદીઃ મહેશસિંહ અરવિંદસિંહ શાહુકાર, રહે. જોખા, પાદર ફળિયુ, તા.કામરેજ, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : મામલતદારશ્રી કામરેજ તા.કામરેજ, જિ.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી મહેશસિંહ અરવિંદસિંહ શાહુકારનો જન્મ તા.05/03/1958 ના રોજ જોખા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૬/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૬૦/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૫/૦૫/૨૦૨૬

વાદીઃ નિકુંજભાઈ મહેશભાઈ રાઠોડ, રહે. મોજે.જોખા, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી જોખા જોખા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી નિકુંજભાઈ મહેશભાઈ રાઠોડ, રહે. મોજે.જોખા, તા.કામરેજ, જી.સુરતના દાદા મનાભાઈ છનાભાઈ રાઠોડનું મરણ તા.03/07/2018 ના રોજ જોખા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૬/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૫૯/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૫/૦૫/૨૦૨૬

વાદીઃ નિકુંજભાઈ મહેશભાઈ રાઠોડ, રહે. મોજે.જોખા, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી જોખા જોખા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી નિકુંજભાઈ મહેશભાઈ રાઠોડ, રહે. મોજે.જોખા, તા.કામરેજ, જી.સુરતના દાદી માનકીબેન મનાભાઈ રાઠોડનું મરણ તા.13/04/2014 ના રોજ જોખા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૧૬/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**અંકલેશ્વર એન્વાયરમેન્ટલ પ્રિઝર્વેશન સોસાયટી**

પ્લોટ નં. ૬૨૪/બી/પી/૨, જીઆઇડીસી ઓફીસ પાછળ, જીઆઇડીસી એસ્ટેટ, અંકલેશ્વર. મો. ૬૩૫૬૦૦૯૦૦૨

**પ્રવેશ જાહેરાત ૨૦૨૬-૨૮**

ડાયરેક્ટોરેટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન ગુજરાત રાજ્ય માન્ય **બે વર્ષના** પૂર્ણ સમયના **કેમીકલ લેબોરેટરી ટેકનીશીયન**ના સર્ટીફીકેટ કોર્સમાં પ્રવેશ માટે ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં અરજી મંગાવવામાં આવે છે.

**લઘુત્તમ લાયકાત : ધોરણ ૧૦ પાસ**

અરજી સાથેના બિડાણ માટે જરૂરી સર્ટીફીકેટની પ્રમાણિત નકલ

(૧) શાળા છોડયાનું પ્રમાણપત્ર (૨) ધો.: ૧૦ની માર્કશીટ અને સર્ટીફીકેટ (૩) પ્રયત્ન પ્રમાણપત્ર/એટેમ્પ્ટ સર્ટીફીકેટ (૪) કૌટુંબિક વિગતો જુદા કાગળમાં જણાવી પિતાનું નામ, જન્મ સ્થળ, અભ્યાસ, નોકરી અથવા ધંધાની વિગતો (૫) એસ.સી./એસ.ટી./બક્ષીપંચ હોયતો તેનુ સર્ટીફકેટ જો લાગુ પડતુ હોયતો.

કોર્ષ સંપૂર્ણ વ્યવસાયલક્ષી છે અને ઇન્ડસ્ટ્રીઝમાં નોકરીની ઉમદા તકો છે. કોર્ષની પરીક્ષા ટેકનિકલ એકઝામીશન બોર્ડ, ગુજરાત રાજ્ય દ્વારા લેવામાં આવશે. શિક્ષણનું માધ્યમ ગુજરાતી રહેશે.

પ્રવેશ માટેના નિયત ફોર્મમાં અરજી કરી **તારીખ ૧૫ જુન ૨૦૨૬** સુધીમાં ઉપરના સરનામે રૂબરૂ પહોચાડવાની રહેશે. પ્રવેશ ડાયરેક્ટોરેટ ઓફ ટેકનીકલ એજ્યુકેશનના નિયમોને આધારીત રહેશે.

ગુજરાત રાજ્યના જાહેરનામા થી ઉપરોક્ત કોર્ષ કર્યા પછી ડિપ્લોમા ઇન કેમિકલ એન્જીનિયરીંગના બીજા વર્ષમાં પ્રવેશ માટે ૧૫ : ૧ના પ્રમાણમાં સીટો અનામત કરેલ છે. આ કોર્ષ ગુજરાતમાં ફક્ત એકજ જગ્યાએ AEPS ના માધ્યમથી ચાલે છે.

અરજીપત્રક ઉપરના સરનામે ૧૦ થી ૫ સુધીમાં રૂા.૧૦૦/-રોકડા ચૂકવણી કરવાથી મળશે

**PASSPORT LOST**

My Passport (Passport No. S2628218) has been misplaced or lost somewhere at my residence by mistake. Despite a thorough search, it has not been found yet. If anyone finds this passport, you are kindly requested to inform the address mentioned below.

Sincerely,

Patel Manishkumar Natvarbhai

Address: Shampura, Taluka: Kamrej, District: Surat

**Milano MULTIPLEX**

**બારડોલી**

| | |
|---|---|
| Pati Patni Aur Woh Do | 10:00am, 01:00pm, 04:00pm, 07:00pm,10:00pm |
| Dharpakad-Gujarati | 03:00pm, 09:30pm |
| Raja Shivaji | 05:30pm |
| Bhooth Bangla | 11:00am |
| Dhabkaaro-Gujarati | 12:00pm, 06:00pm |
| Krishnavataram Part 1 - The Heart | 02:00pm, 06:00pm, 09:00pm |

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જાણ કરવાની કે ડીસ્ટ્રીકટ સુરતના તાલુકા બારડોલીના મોજે ગામ માંગરોલીયામાં આવેલ ખાતા નં. ૩૫૩ માં આવેલ બ્લોક નં. ૩૧૯ આકાર રૂા. ૯.૮૭ ક્ષેત્રફળ હે. આરે. ૦-૯૬-૧૨ ચો.મી. તથા બ્લોક નંબર-૩૨૦ આકાર રૂા. ૧૦.૯૪ ક્ષેત્રફળ હે. આરે. ૧-૦૬-૨૩ ચો. મી. તથા બ્લોક નં. ૩૨૧ આકાર રૂા. ૧૦,૫૬ ક્ષેત્રફળ હે.આરે. ૧-૦૨-૧૮ ચો. મી. તથા બ્લોક નં. ૩૨૩ આકાર રૂા. ૨.૦૬ ક્ષેત્રફળ હે. આરે. ૧-૧૮-૨૧ ચો. મી. ખેતીની ખુલ્લી જમીનના માલીક ૧. જયોતિબેન તે દિપકભાઈ નાથુભાઈ પટેલની પત્ની (૨) અલ્પેશભાઈ દિપકભાઈ પટેલ બંને રહે. ખડકીફળીયું, કુંભારીયા,૮૪ જી.સુરત ના ઓ છે. અને તેઓ પ્રત્યક્ષ માલીક કબજેદાર,મુખત્યાર અને વહીવટદાર ચાલી આવેલા હોવાનું જણાવી સદરહું જમીન અમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહું ખેતીની જમીન અમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહું ખેતીની જમીન અંગે કોઈપણ વ્યકિતનો હકક,હીત,હીસ્સો,દર દાવો, લાગભાગ, હોય યા કોઈ સંસ્થા કે બેંકનો બોજો હોય કે કોઈ અન્ય વ્યકિતનો બોજો હોય તો તેઓએ તે અંગેના લેખિત પુરાવા સહીત હમોને દિન સાતમાં જાણ કરવી. મુદત વિત્યા બાદ અમારા અસીલ તેવા હકક ન હોવાનું અને હોયતો તે જતા કરેલ હોવાનું માની અમારા અસીલ મજકુર માલીકો પાસેથી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી લેશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી સુચના મુજબ

તા-૧૬-૦૫-૨૦૨૬

અસીલની સુચનાથી **રસિકભાઈ સી. ટેલર**

(એડવોકેટ & નોટરી)

ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટ પ્રથમ માળે, ફ્લેટ નં.૨ સુરતી જકાતનાકા, હર્ષ હોસ્પિટલની બાજુમાં, બારડોલી, તા.બારડોલી, જી.સુરત.